ડૉ. એ. બી. પટેલ
પ્રા. કે. સી. પટેલ

તા. ૧૭/૦૯/૨૦૨૫

## "ઉન્નત ભારત અભિયાન" અંતર્ગત

## દાંતેજ ગામે "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ" પર વ્યાખ્યાન યોજાયું.

"ઉન્નત ભારત અભિયાન" અંતર્ગત એસ.બી. ગાર્ડા કોલેજ, નવસારીના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ધર્મવીર ગુર્જર સાહેબના માર્ગદર્શન અને પ્રેરણાથી તારીખ ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ દાંતેજ ગામે "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ" પર વ્યાખ્યાન યોજાયું હતું. કાર્યક્રમનો આરંભ ઠાકોર મેરુજીની પ્રાર્થનાથી થયો હતો. મુખ્ય વક્તાશ્રી કે.વી. મકવાણા સાહેબે "ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી પ્રકલ્પ" અંતર્ગત જમીન બંધારણનો ખ્યાલ, જમીનને રિચાર્જ કરવા ઉપર ભાર મૂક્યો હતો, સમાયંતરે પાકની જગ્યા બદલવાની તેમજ શાકભાજીની ખેતીમાં પ્રાકૃતિક ખેતી અપનાવી ઉત્પાદન વધારવાની હિમાયત કરી હતી. બીજા વક્તાશ્રી કે.એ. શાહ સાહેબે તેમના વ્યક્તવ્યમાં ભારત સરકાર તથા ગુજરાત સરકારે પ્રવર્તમાન અને ભવિષ્યમાં ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વાળવાનો નિર્દેશ કર્યો છે. ખેતીની ઉત્પાદકતા વધારવા બીજામૃત-જીવામૃતના ઉપયોગ કરવાની, ખેતીમાં છાણીયા ખાતરના ઉપયોગ, જમીનને વરાપ આપવાની ખેડૂતોને હિમાયત કરી તેમજ ખેતીમાં પાણીના વધુ વપરાશ ટાળી આધુનિક ટપક પધ્ધતિ અપનાવવાની તથા રસાયણિક ખાતર વિના પણ સારી ખેતી થઈ શકે છે એવી ભલામણો ખેડૂત સમક્ષ રજૂ કરી એમનું વ્યક્તવ્ય સમાપ્ત કર્યું હતું. ત્યાર બાદ ખેડૂતોએ વિષયને અનુરૂપ પ્રશ્નોતરી પણ કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ગામના ભુતપૂર્વ સરપંચશ્રી હર્ષદભાઈ પટેલ, ગ્રામ સેવિકા ઋષિતાબેન ખૂંડ અને ગામના નિવૃત એગ્રીકલ્ચર અધ્યાપક શ્રી મહેશભાઇ પટેલ, શ્રી ભૂપેશભાઈ પટેલ, શ્રી ગોપાળભાઈ પટેલ, શ્રી કિશોરભાઈ પટેલ તથા મોટી સંખ્યામાં ગામના ખેડૂતો ભાઈઓ અને બેહનો તથા એન.એસ.એસ.ના સ્વયં સેવકો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમના અંતમાં ગાર્ડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના વડા ડૉ. એ.બી. પટેલે આભારવિધિ રજૂ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગાર્ડા કોલેજના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક શ્રી કે.સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ડૉ. એ. બી. પટેલ
પ્રા. કે. સી. પટેલ